# કોરોનાનું ભયાવહ સ્વરૂપ : ૧૦૬ નવા કેસ

**ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ કેસ : દહેગામ-૧, ગાંધીનગર ૧૫, માણસા ૨૩, કલોલમાં ૧૬ કેસ નોંધાયા : તંત્ર સતત દોડધામમાં વ્યસ્ત : આજે સે. ૨૮ માંથી ૯ કેસ, સે. ૨ માંથી ૮ કેસ, સે. ૨૭ માંથી ૫ કેસ, સે. ૫ માંથી ૫ કેસ, સે. ૨૪ માંથી ૪ કેસ, સે. ૨૬, ૨૩, ૧૪ અને ૨૯ માંથી ૩-૩ કેસ, સે. ૩ માંથી ૨ કેસ મળવા ઉપરાંત સે. ૨૨, સે. ૨૫, ૧૭, ૬, આદિવાડા, સે. ૮ માંથી એક-એક કેસ મળી આવેલ**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું ભયાવહ સ્વરૂપ બહાર આવ્યુ છે. જિલ્લામાં આજે ૧૦૬ કેસ નોંધાતા તંત્ર સ્તબ્ધ બની ગયુ છે. જિલ્લામાં જે રીતે કેસો બહાર આવી રહ્યા છે તેને લઈ હતપ્રભ બનેલા તંત્રએ આજે નવી બેડની વ્યવસ્થા, દવાની ઉપલબ્ધતા તેમજ ઓક્સીજનના જરૂરી જથ્થા માટે સતત દોડધામ કરી હતી.

જિલ્લામાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેમાં પણ મહિલા દર્દીઓ સંક્રમિત થઈ રહી છે એટલુ જ નહિ વિદ્યાર્થીઓ અને યુવાઓ અને મોટીવયના લોકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્ર પણ હતપ્રભ બની ગયુ છે.

જિલ્લા કલેક્ટરશ્રીએ આજે મધરાતથી ૩૦મી એપ્રિલ સુધી પાનના ગલ્લાઓ બંધ કરવાના આદેશો ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અંતર્ગત જારી કર્યા છે. જિલ્લામાં સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય તેમજ માસ્ક ફરજીયાતના નિયમની અમલવારી અને હોમ આઈસોલેશન તેમજ હોમ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી પણ અસરકારક રીતે થાય તે જોવાની સૂચનાઓ આપી છે.

જિલ્લામાં સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં પથારીની સુવિધા ઉપલબ્ધ નથી. તમામ દવાઓનો જથ્થો પણ લગભગ પૂરો થવામાં હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આજે ૧૦૬ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૫૫ અને શહેરમાં ૫૧ કેસનો સમાવેશ થાય છે.

કોરોનાના નવા કેસો કલોલ-માણસામાં જે રીતે બહાર આવ્યા છે તેણે તંત્રને પણ ચોંકાવી દીધુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧, માણસામાં ૨૩, કલોલમાં ૧૬ અને ગાંધીનગરમાં ૧૫ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૧ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાંથી સાતને આજે હોસ્પિલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યારે બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્રએ તે ગ્રાહ્ય રાખ્યો છે.

જિલ્લામાં આજે ૯ ખેડૂત, ૬ વિદ્યાર્થી, પાંચ કર્મયોગી સંક્રમિતોની યાદીમાં છે. ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસોની સંખ્યા વધી છે તે ચિંતાજનક હોવાનું તંત્રના અધિકારીઓ ખાનગીમાં સ્વીકારી રહ્યા છે. અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે તે વધુ ચિંતાજનક છે.

ગાંધીનગર તાલુકામાં આજે વાવોલ ગામેથી એક ૭ વર્ષની બાળકી પણ સંક્રમિત થઈ છે. ૭ વર્ષથી લઈ ૮૦ વર્ષની આયુ ધરાવતા લોકો સંક્રમિત થયા છે.

દહેગામ તાલુકાના વાસણાચૌધરી ગામે આજે એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકામાં પેથાપુર ગામેથી પાંચ કેસ, શેરથામાંથી ૨ કેસ, ડભોડામાંથી ૩ કેસ, સરગાસણમાંથી ૨ કેસ મળી આવ્યા હોવા ઉપરાંત વાવોલ, સાદરા, લવારપુર ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે જે કેસો મળી આવ્યા છે તે અર્બન અને ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે.

કલોલ અર્બનમાંથી ૧૧ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સઈજ ગામમાંથી બે તેમજ છત્રાલ, લિંબોદ્રા અને ધમાણસા ગામેથી કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાંથી આજે ૨૩ કેસ મળી આવ્યા છે. આજે આટલી બધી સંખ્યામાં કેસો આવતાં તંત્રની દોડધામ વધી ગઈ છે.

માણસા તાલુકાના રંગપુર ગામેથી પાંચ કેસ નોંધાયા છે તો માણસા અર્બનમાંથી ૪ કેસ, બાપુપુરા ગામેથી ૩, બદપુરા ગામેથી ૪ કેસ, પરબતપુરા અને લોદરામાંથી ૨-૨ કેસ મળી

● અનુસંધાન પાના - ૭ પર

## કોરોના સંક્રમિત દર્દીઓ વધતા આઈસીયુ વિભાગ પણ ખસેડાયો

ગાંધીનગર સિવિલમાં કોરોના સંક્રમિત દર્દીઓનો ધસારો જોરદાર છે. ૬૦૦ બેડની કોવીડ હોસ્પિટલ આખી ભરાઈ ગઈ છે. ત્યારે ઓકિસજનની જરુરીયાત વાળા કોવીડ દર્દીઓને એડમીટ પણ કરવામાં આવતા નથી. તેમ છતા કોરોના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થતો રહે છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા ત્રીજા માળે સ્થિત નોનકોવીડ આઈસીયુ વિભાગ ખસેડી લઈને જુની બિલ્ડીંગમાં કાર્યરત કરી દેવાયો છે. જયારે ટુંક સમયમાં હિમો ડાયાલિસીસ વિભાગની સ્થળ પસંદગી થઈ ગયા બાદ તે પણ ખસેડી લેવામાં આવશે.

કોરોનાની બીજીવારની લ્હેર કોહરામ મચાવી રહી છે. કોરોનાથી નાગરીકો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે. ગાંધીનગર સિવિલ સહિત ખાનગી હોસ્પિટલ દર્દીઓથી ભરાયેલી જોવા મળી રહી છે. ગાંધીનગરમાં રોજનો દર્દીઓનો આંકડો ૧૦૦ ને પાર થઈ ગયો છે. જયારે કોરોના સંક્રમિત દર્દીઓનો મૃત્યુઆંક પણ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. હાલના સમયે સિવિલમાં કોરોના દર્દીઓના ધસારાને પહોંચી વળવા અને નોન કોવીડ દર્દીઓનો ચેપ ના લાગે તે માટે તંત્ર દ્વારા આઈસીયુ ખસેડી દેવામાં આવ્યું છે. નવી બિલ્ડીંગના તમામ વોર્ડ કોરોના દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે કોરોના સંક્રમણને રોકવા માટે તંત્ર દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.તેમ છતા કોરોના એ અજગરી ભરડો લેતા હાહાકાર મચી જવા પામ્યો છે. ત્યારે કોરોના સંક્રમણ અટકે તે માટે પોલીસ પણ મેદાને આવી ગઈ છે.તંત્ર દ્વારા પણ ભીડભાડવાળી જગ્યા પર નાગરીકોને એકઠા થવા દેવામાં આવતા નથી. કોરોનાને કાબુમાં તંત્ર પણ રાત દિવસ જાગીને મથામણ કરી રહ્યું છે.

## સપ્તાહથી ગાંધીનગરમાં યમરાજાના ધામા...

**સોમવારે સાંજે ૫ વાગ્યા સુધીમાં ૨૪ કલાકમાં મુક્તિધામ અને રુદ્રભૂમિમાં ૫૭ના અંતિમ સંસ્કાર**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં બંને અંતિમધામો મુક્તિધામ અને રુદ્રભૂમિમાં કુલ ૫૭ મૃતદેહોના અંતિમ સંસ્કાર



કરાયા હોવાના અહેવાલો ભારે ચિતાની લાગણી પ્રસરી હતી. ગાંધીનગરમાં છેલ્લા ૬ દિવસમાં મૃત્યુનો આંક ક્રમશઃ વધતો જાય છે. શહેરની ખાનગી અને સરકારી હૉસ્પિટલો કોરોનામાં કોરાનાની સારવાર લઈ રહેલા દર્દીઓના અવસાનથી પણ મૃત્યુ આંક વધતો જાય છે. ગાંધીનગરમાં છેલ્લા ૬ દિવસથી યમરાજાએ પડાવ નાખ્યો હોય તેમ મોતનો સીલસીલો વધતો જાય છે. ગાંધીનગરના બન્ને અંતિમ ગૃહો મુક્તિધામ અને રૂદ્રભુમિમાં સતત કોરોનાગ્રસ્ત મૃતકોના અગ્નિસંસ્કાર માટે ચિતાઓ ખડકાતી જ જાય છે. જ્યાં આખા વરસમાં અઢીસો-ત્રણસોના અગ્નિસંસ્કાર થતાં હતાં ત્યાં આજે માત્ર છ દિવસમાં ૧૫૦ થી વધુ અગ્નિસંસ્કાર થયા છે. તેનો અર્થ એ થયો કે છ મહિનાના મૃત્યુ છ દિવસમાં થયાં..! સોમવારે તો મુક્તિધામના પ્રાંગણમાં મૃતદેહોની પણ કતારો લાગતી હતી. અગ્નિસંસ્કાર માટે પણ વેઈટીંગની સ્થિતિ નિર્માણ પામી હતી. કોરોનાએ કેવી કરૂણ હાલત કરી દીધી છે..?! શહેરની સરકારી અને બિન સરકારી કોવિડ હોસ્પિટલ ગાંધીનગર અને આસપાસના ગ્રામીણ વિસ્તારમાંથી ૭૦૦ થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જેમાંથી ૨૫૪ દર્દીઓ ઓક્સિજન સપોર્ટ ઉપર છે અને એનાથી અડધા વેન્ટીલેટર ઉપર છે. છેલ્લા છ દિવસથી ૧૫૪ દર્દીઓએ આ હોસ્પિટલોમાં અંતિમ શ્વાસ લીધો. કોરનાના કાળમાં સૌથી વધુ મૃત્યુઆંક છેલ્લા પાંચ દિવસમાં બહાર



આવે છે. છઠ્ઠીએ ૧૩ તો સાતમીએ બમણા ૨૬, ૮ મીએ ૨૦ તો નવમીએ ૨૪ અને ૧૦-૧૧ બે દિવસમાં ૫૧ દર્દીઓએ દમ તોડ્યો..!! કોરોનાના સંક્રમણની સંખ્યા પણ છેલ્લા દસ દિવસમાં બેવડાઈ ગઈ હતી. આમ સતત વધતા જતાં મૃત્યુઆંકથી ગાંધીનગરનું જનજીવન થથરી રહ્યું છે અને હવે તો પરમતત્વને વિનવણી કરે છે કે ખમૈયા કરો... ભગવાન ખમૈયા..!! દવાઓ ખુટી છે... ઈન્જેક્શનો ખુટ્યા છે... હોસ્પિટલો ખુટ્યા છે... સ્મશાનમાં જગ્યાઓ ખુટી છે... હવે અમારી ધીરજ અને હિંમત ખુટે નહિ તેવી કૃપા કરો દેવાધિદેવ..!!

**કોરોના સંક્રમણના નવા કેસ - મૃત્યુઆંક**
**આ છે છેલ્લા છ દિવસના આંકડા**

| તારીખ | વાર | નવા કેસ | મૃત્યુઆંક |
|---|---|---|---|
| ૬-૨-૨૧ | મંગળવાર | ૭૩ | ૧૩ |
| ૭-૪-૨૧ | બુધવાર | ૭૯ | ૨૬ |
| ૮-૪-૨૧ | ગુરૂવાર | ૮૩ | ૨૦ |
| ૯-૪-૨૧ | શુક્રવાર | ૮૬ | ૨૪ |
| ૧૦-૪-૨૧ | શનિવાર | ૯૨ | ૨૦ |
| ૧૧-૪-૨૧ | રવિવાર | ૧૦૧ | ૩૧ |
| ૧૨-૪-૨૧ | સોમવાર | ૧૦૬ | ૫૭ |
| | | ૬૨૦ | ૧૯૧ |



કોરોનાનો કેર ચારે તરફ ફેલાયો છે. આખે આખા પરિવારો કોરોનામાં સપડાયા છે. ટેસ્ટીંગ માટે લાંબી લાંબી કતારો જોવા મળે છે. આરટીપીસીઆર ટેસ્ટથી લઈને સીટી સ્કેન કરાવવા માટે દર્દીઓને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડે છે. સેકટર-૬માં આવેલ ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવા માટે વહેલી સવારે અને સાંજે આવી જ કતારમાં ઉભા રહેવું પડે છે. આકરી ગરમીમાં તેઓ ખૂબ પરેશાન થાય છે.

## કોરોનાના દર્દીઓ હવે દવા નહીં દુવાના સહારે...

## શહેરના મેડિકલ સ્ટોર્સ પર ફેબીફલ્યુ દવા ન મળતા નાગરિકોનો રઝળપાટ

**ઇન્જેકશનની સાથે હવે દવા પણ મળતી નથી : કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે એકબાજુ હોસ્પિટલમાં જગ્યા નથી બીજી તરફ હોમ કવોરન્ટાઇન દર્દીઓને દવા પણ ઉપલબ્ધ થતી નથી : ફેબીફ્લયુનુ ઉત્પાદન કરતી દવા કંપનીઓ પુરતો સ્ટોક સપ્લાય કરતી નથી**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરમાં કોરોનાએ આતંક મચાવ્યો છે. આવા કપરા સંજોગોમાં કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે મેડિકલ સ્ટોર્સ તેમજ ખાનગી હોસ્પિટલમાં દવા અને ઈન્જેકશન પણ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી જેના લીધે કોવિડના દર્દીઓ હવે દવાના અભાવે દુવાના સહારે છે. હોસ્પિટલમાં એકબાજુ બેડ ખાલી ન હોવાથી સ્થિતિ દયાજનક છે. બીજીતરફ હોમ કવોરન્ટાઈન દર્દીઓને દવા પણ મળતી નથી શહેરના મેડિકલ સ્ટોર્સ પર કોરોનાની સારવારમાં ઉપયોગમાં લેવાતી ફેબીફલયુ દવાનો પુરતો સ્ટોક ન હોવાથી દર્દીઓ એક બાદ એક મેડિકલ સ્ટોર્સના ચક્કર લગાવતા નજરે પડે છે. કોરોનાના કહેર વચ્ચે દવા અને ઈન્જેકશનના મળતા નાગરિકોમાં વધુ ફફડાટ પ્રવર્તયો છે.

શહેરમાં રેમડેસિવિરના કાળા કકળાટ વચ્ચે હાલ કોરોનાની સારવારમાં ઉપયોગમાં લેવાતી ફેબીફલયુ પણ મળતી નથી. ફેબીફલ્યુ દવા કોરોનાની સારવારમાં વિશેષ ઉપયોગમાં લેવાય છે.ત્યારે ઈન્જેકશનની સાથે હવે દવા પણ પુરતા સ્ટોકમાં બજારમાં ઉપલબ્ધ નથી. આવા સંજોગોમાં કોરોનાના દર્દીઓ માટે મુસીબત વધી છે. હોસ્પિટલમાં બેડ નથી, બજારમાં દવા કે ઈન્જેકશન નથી આમછતા સરકાર કક્ષાએથી કોરોના કાળમાં ભયભીત બનેલા દર્દીઓ માટે અસરકારક આયોજન કરવામાં આવતુ નથી. દર્દીઓને હોસ્પિટલમાં જગ્યા મળતી નથી હોસ્પિટલો પાસે પુરતુ ઈન્ફાસ્ટ્રકચર નથી જયારે કોવિડમાં કામ કરતા સ્ટાફનો પણ ભારોભાર અભાવ છે. આ દયાજનક સ્થિતિ વચ્ચે હોમ ક્વોરોન્ટાઈન થયેલા દર્દીઓના સગાસંબંધીઓ દવા અને ઈન્જેકશન માટે પણ રઝળપાટ કરી રહ્યા છે. ગાંધીનગરના મેડિકલ સ્ટોર્સ ઉપર પણ ફેબી ફલુય દવાનો પુરતો જથ્થો નથી મોટાભાગના કેમિસ્ટ પાસે આ દવા પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી જેના લીધે આવતા

● અનુસંધાન પાના - ૭ પર

ફેબી ફલયુ દવા ચાર થી પાંચ કંપની સપ્લાય કરે છે. જેમાં ગ્લેનમાર્ક, જે બી કેમિકલ, સનરાઈઝ સહીતની કંપનીઓનો સમાવેશ થાય છે પરંતુ હાલ કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે દવાનો વપરાશ વધ્યો છે જેના લીધે કંપનીઓ પણ દવાના ઉત્પાદનને પહોંચી વળતી નથી જેના લીધે રોજ જથ્થો સપ્લાય કરવામાં આવતો નથી. રોજ અન્ય દવાનો સપ્લાય થાય છે પરંતુ ફેબી ફલયુ સપ્લાય થતી નથી.

**સુધીરભાઇ શાહ, ગોપી મેડિકલ**


## મનપામાં એક સપ્તાહમાં ૨૭ કર્મયોગી સંક્રમિત થયા

ગાંધીનગર કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત બાદ છેલ્લા એક સપ્તાહમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ૩૦ જેટલા કર્મયોગીઓ સંક્રમિત થયા હોવાની વિગતો બહાર આવી છે.

જિલ્લા પંચાયતમાં ૧૨ થી વધુ, કલેક્ટર કચેરીમાં ૧૩ થી વધુ કર્મયોગીઓ અગાઉ સંક્રમિત થયાના અહેવાલો આવ્યા હતા.

જિલ્લા પંચાયતમાં આજે પણ વધુ બે કર્મયોગીઓ સંક્રમિત થયા છે. દરમ્યાન મનપામાં છેલ્લા એક સપ્તાહમાં ૨૪ કર્મયોગીઓ સંક્રમિત થયા હતા અને આજે વધુ ૩ કર્મયોગીઓ સંક્રમિત થયા છે.

## સચિવાલયના યુવા અધિકારી ચિરાગ સોલંકી કોરોના સામેનો જંગ હારી ગયા



ગાંધીનગર, તા. ૧૨

સહકાર વિભાગમાં નાયબ સેકશન અધિકારી તરીકે ફરજ બજાવતા ચિરાગ સોલંકીનું કોરોનાથી આજે અવસાન થયું છે. માત્ર ૨૬ વર્ષની આયુ ધરાવતા ચિરાગ સોલંકીની ગણના એક તેજસ્વી યુવા અધિકારી તરીકે થતી હતી. સચિવાલયમાં છેલ્લા એક મહિનામાં કોરોનાથી ૪થા કર્મયોગીનું મૃત્યુ થયું.

**શ્રીમંત ફતેહસિંહરાવ ગાયકવાડ જનરલ હોસ્પિટલ, વાત્રક**
મુ.પો.વાત્રક, તા.બાયડ, જિ.અરવલ્લી, મો.૯૪૨૬૩૭૯૫૧૧

**ઓપન ઈન્ટરવ્યું**

કોવિડ-૧૯ની સારવાર માટે નીચે પ્રમાણે હંગામી ધોરણે સ્ટાફની જરૂર છે.

(૧) ફીજીશીયન-૧, એમ.ડી. (૨) મેડીકલ ઓફિસર-૨, એમ.બી.બી.એસ. (૩) સ્ટાફ નર્સ-૧૦ (જી.એન.એમ./ બી.એસ.સી. નર્સિંગ)
વેન્ટીલેટર અને આઈ.સી.યુ.ના કામના અનુભવીને પ્રથમ પસંદગી.
(૪) મેતર-૫, (૫) મેતરાણી-૩

ઉમેદવારોએ પોતાના લાયકાત અને અનુભવના અસલ પ્રમાણપત્રો અને ઝેરોક્ષ નકલ સાથે નીચેના સ્થળે સ્વખર્ચે હાજર રહેવું.

ઈન્ટરવ્યું તા.૧૪-૪-૨૦૨૧, બુધવાર
સમય : બપોરે ૧-૦૦ થી ૪-૦૦ કલાકે
સ્થળ : શ્રી કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળની ઓફિસ, હોસ્પિટલ કેમ્પસ, મુ.વાત્રક, તા.બાયડ, જિ.અરવલી

ચેરમેન
શ્રી કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ, વાત્રક

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મો. ૯૮૨૫૦ ૩૮૩૭૮ www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

**ચૂંટણી પત્રિકા, પેમ્ફલેટ અરજન્ટમાં પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com